
# ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી ભારતીય રાષ્ટ્રવાદના મશાલચી

આઝાદી પછી, જો રાષ્ટ્રવાદના વિચારને પ્રોત્સાહન આપનારા, રાષ્ટ્રીય એકતા માટે દ્રઢ રહેનારા, દેશમાં મજબૂત રાજકીય વિકલ્પનું બીજ વાવનાર જો એક નામ ધ્યાનમાં આવે તો તે શ્યામા પ્રસાદ મુખર્જી સિવાય બીજા કોઈનું ના હોઈ શકે. ડૉક્ટર મુખર્જી આઝાદી પછી લાંબા સમય સુધી ટકી શક્યા ન હતા, પણ તેમની વિચારધારા અને તેમના સંઘર્ષોએ ભારતીય રાજકીય ગૌરવ પર અપ્રતિમ છાપ છોડી છે.



એ ડૉક્ટર મુખરજી જ હતા જેણે જમ્મુ-કાશ્મીરની સમસ્યાને સમજી હતી અને તેના સંપૂર્ણ નિરાકરણની માંગણી સાથે અવાજ ઉઠાવ્યો હતો. બંગાળનું વિભાજન કરવામાં આવી રહ્યું હતું ત્યારે ભારતના હક્કો અને હિતો માટે સફળતાપૂર્વક લડનારા તે જ હતા. ડૉક્ટર મુખર્જીએ, આઝાદી પછીના યુગમાં કોંગ્રેસ દ્વારા ભારતીયો પર વિદેશી વિચારધારાઓ અને સિધ્ધાંતો લાદવાનો વિરોધ કરવામાં મહત્વપૂર્ણ અને અગ્રણી ભૂમિકા ભજવી હતી. દરેક ભારતીય માટે સૌથી સાતત્યપૂર્ણ જીવનશૈલી તરીકે 'ભારત, ભારતીય અને ભારતીયતા'ની રાજકીય અને સામાજિક વિચારધારાને પ્રોત્સાહિત અને સ્થાપિત કરવામાં તેમની મુખ્ય ભૂમિકા હતી.

**જગત પ્રકાશ નડ્ડા**
રાષ્ટ્રીય અધ્યક્ષ
ભારતીય જનતા પાર્ટી

સ્વતંત્રતા પછી નહેરુ સરકારમાં, ડૉક્ટર મુખર્જી ભારતના પ્રથમ ઉદ્યોગ અને પુરવઠા પ્રધાન હતા. સરકારમાં જોડાયા છતાં પણ, તેમણે કોંગ્રેસ દ્વારા નહેરુ-લિયાકત સંધિમાં હિન્દુઓના હિતોની સંપૂર્ણ અવગણના કરવા બદલ રાજીનામું આપ્યું. તેમનું રાજીનામું એ તેમની વૈચારિક ચેતનાનું ઝળહળતું ઉદાહરણ છે. ડો. મુખર્જીએ તેમની વૈચારિક પ્રતિબદ્ધતાઓ સાથે ક્યારેય સમાધાન કર્યું ન હતું. નહેરુ કેબિનેટમાંથી રાજીનામું આપવું એ દેશમાં ઉધભવનાર રાજકીય પરિવર્તનનું કારણ હતું.

એક જાણીતું તથ્ય એ છે કે, રાજકીય નેતાઓ અને વિવિધ વિચારધારામાં માનનારા લોકો ભારતની સ્વતંત્રતા માટે લડવા કોંગ્રેસના પ્રભાવ હેઠળ આવ્યા હતા. પરંતુ આઝાદી પછી કોંગ્રેસનો વિકલ્પ શોધવાની ચર્ચા શરૂ થઈ જે રાજકીય શૂન્યાવકાશ ભરી શકે. દેશ આતુરતાપૂર્વક એક નવી રાજકીય વિચારધારાની શોધમાં હતો, જે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ દ્વારા રાષ્ટ્રીય એકતા અને તુષ્ટિકરણના રાજકારણનો પણ સામનો કરી શકે. ડૉક્ટર શ્યામા પ્રસાદ મુખર્જી જ દેશમાં આ ચર્ચાના મશાલચી તરીકે ઊભરી આવ્યા હતા, અને આખરે જનસંઘની રચના કરી.

તેમના અને તેમના સહાયક યુવાનોના પ્રયત્નોને કારણે જ ૨૧ ઓક્ટોબર, ૧૯૫૧ ના રોજ જનસંઘની રચના કરવામાં આવી હતી. તેમના નેતૃત્વ હેઠળ એક નવા રાજકીય પક્ષનો બીજ વાવવામાં આવ્યા હતા, જેમાં રાષ્ટ્રવાદ અને ભારતીયતાના ગુણો હતા. છેલ્લા ઘણા દાયકાઓમાં આપણે ઘણા મહત્વપૂર્ણ લક્ષ્યો પાર કરી ચૂક્યા છીએ, ઘણી લડાઇ લડ્યા છીએ જેના પરિણામે આપણે આજે અહીંયા સુધી પહોંચી શક્યા છીએ.

૧૯૫૧-૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં જનસંઘ ત્રણ બેઠકો જીતવામાં સફળ રહ્યો. ડૉક્ટર શ્યામા પ્રસાદ મુખર્જી, કોલકાતાની બેઠક જીતી સંસદ સુધી પહોંચ્યા હતા. તેમના વિચારોની સ્પષ્ટતા, તેમની વિચારધારા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને તેમની દૂરદ્રષ્ટિથી સમર્થિત, વિરોધી પક્ષોએ તેમને લોકસભામાં વિપક્ષી નેતા તરીકે નિયુક્ત કર્યા હતા. વિપક્ષી નેતા તરીકે, ડૉક્ટર મુખર્જીએ લોકોની સમસ્યાઓની વાત કરી, અને વિપક્ષના સૌથી શક્તિશાળી અવાજ તરીકે ઊભરી આવ્યા હતા.

આ એક વૈચારિક યુદ્ધ હતું. એક તરફ કોંગ્રેસ સહિતના પક્ષો હતા જે હંમેશા તુષ્ટિકરણનું રાજકારણ કરતા હતા જ્યારે બીજી બાજુ ભાજપ પક્ષ હતો કે જે કલમ ૩૭૦ નાબુદ કરવા માટે હંમેશાથી કટિબદ્ધ હતો. જનસંઘનો યુગ હોય કે ભાજપનો યુગ, અમારી વિચારધારા કે જે સંયુક્ત અને મંજબુત ભારત જોવાની છે, તે પ્રતિબદ્ધતામાં જરાક પણ પરિવર્તન આવ્યુ નથી.

# નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલનો ૬૬મો જન્મદિવસ

# ધાર્મિક, સામાજિક અને આરોગ્ય વિષયક સેવાઓ થકી નાયબ મુખ્યમંત્રીના જન્મદિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી

## નાયબ મુખ્યમંત્રીશ્રીએ પરિવાર સહિત દેવસ્થાનોમાં પૂજા અર્ચના કરી કોરોના મુકત ગુજરાત માટે કરી પ્રાર્થના

નાયબ મુખ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલના ૬૬ મા જન્મ દિવસ ની ઉજવણી કરાઈ હતી.પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા સેવાકીય પ્રવૃતિઓ થકી જન્મ દિવસની ઉજવણી મહેસાણા જિલ્લા સહિત મહેસાણા અને કડી શહેર ખાતે કરાઈ હતી જેમા નાયબ મુખ્યમંત્રી શ્રી સહભાગી થયા હતા.

વર્ષોથી નાયબ મુખ્યમંત્રીશ્રીના જન્મદિવસની માનવીય સેવાકીય પ્રવૃતિઓ દ્વારા ઉજવણી કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે.કડી અને મહેસાણા ખાતે યોજાયેલ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ રક્તદાન કરી માનવસેવાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

આજે નાયબ મુખ્ય મંત્રીશ્રીના વતન કડી ખાતે શ્રી સત્તાવીસ સમાજ સરદાર યુવક મંડળ કડી દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૪ થી આ સંસ્થા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે.જેમાં ૨૦૧૪માં ૧૭૧ યુનિટ,૨૦૧૫માં ૫૧૧ યુનિટ,૨૦૧૬માં ૭૧૦ યુનિટ,૨૦૧૭માં ૯૧૬ યુનિટ,૨૦૧૮માં ૧૧૦૭ યુનિટ,૨૦૧૯માં ૧૦૪૭ યુનિટ અને ૨૦૨૦માં ૧૧૧૪ યુનિટ રકત એકત્રીત કરાયું હતું આ વર્ષે પણ કડીમાં વિવિધ સ્થળોએ રક્તદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતું.




નાયબ મુખ્યમંત્રીશ્રીએ કડી ટાઉનહોલ ખાતે ઉપસ્થિત રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ ઉપરાંત કડીના વિવિધ ધાર્મિક સ્થળો યવતેશ્વર મહાદેવ મંદિર,ગાયત્રી મંદિર રામજી મંદિર અને ભાગ્યોદય હોસ્પિટલ,સ્વામી વિવેકાનંદ લાયબ્રેરી સહિતના વિવિધ સ્થળોએ યોજાયેલ રક્તદાન કેમ્પની મુલાકાત લીધી હતી.



કડી ખાતે ભાગ્યોદય હોસ્પિટલ ખાતે શ્રી પુષ્ટી પરિવારના શુભ આશિષ અને આર્થિક સહયોગથી રૂ ૩૦ લાખની કિંમતની આઈ.સી.યુ ઓન વ્હીલ્સ સહિથ મોબાઈલ ડીસ્પેન્સરીનું લોકાર્પણ પણ નાયબ મુખ્યમંત્રી શ્રી એ કર્યુ હતું.

મહેસાણા શહેરમાં નાયબ મુખ્ય મંત્રીશ્રીના જન્મદીન નિમીતે વિવિધ ધાર્મિક,સામાજિક,શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત સંસ્થાઓ દ્વારા પણ સેવાકીય કાર્યોનું આયોજન કરાયું હતું, વિસનગર એસ.કે યુનિ દ્વારા આરોગ્ય કેમ્પ સહિતના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. મહેસાણા શહેર ખાતે કમળબા હોલ ખાતે જાયન્ટ્સ ગ્રુપ અને કેડાઈ દ્વારા આયોજીત રક્તદાન કેમ્પની મુલાકાત લીધી હતી, આ ઉપરાંત રામદેવ પાર્ટી પ્લોટ ખાતે રક્તદાન કેમ્પ સહિત આત્મરામ કાકા ફીઝીયોથેરાપી સેન્ટર ખાતે હાડકાંના રોગોના વિનામેલ્યે નિદાન માટે યોજાયેલ કેમ્પની મુલાકાત કરી હતી. મહેસાણા શહેરના માધવ મંદિર ખાતે પૂજા અર્ચના કરી હતી.

# મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલુ વર્ષે ૧.૬૧ લાખથી વધુ ફૂલ-છોડ તેમજ મોટા વૃક્ષોનું વૃક્ષારોપણ કરાશે

## વૃક્ષારોપણ, નિ:શુલ્ક રસીકરણ અને અનાજ વિતરણ અભિયાનને વ્યાપક બનાવવા ગૃહમંત્રી અમિતભાઈ શાહની અપીલ

ગાંધીનગર, તા. ૨૨

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે આજે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં વૃક્ષારોપણ ઝુંબેશની શરૂઆત કરી છે. તેઓએ અમદાવાદ શહેરના બોડકદેવ વિસ્તારમાં વૃક્ષારોપણ કરીને આ ઝુંબેશને વ્યાપક બનાવવાનો સંદેશ આપ્યો હતો.





"હરિયાળી લોકસભા-ગાંધીનગર લોકસભા" અભિયાન અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રીના લોકસભા મતવિસ્તારના ૧૦ સ્થળોએ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીએ આજથી શરૂ થયેલ વૃક્ષારોપણ ઝુંબેશ, ગઈકાલ તારીખ ૨૧ જૂનથી શરૂ થયેલ રાજયવ્યાપી નિઃશુલ્ક રસીકરણ અને રવિવાર તા. ૨૭ થી શરૂ થનાર નિ:શુલ્ક અનાજ વિતરણ અભિયાનને વ્યાપક બનાવીને લોકઉપયોગી બનવવા અપીલ કરી હતી.

કોરોનાકાળમાં ઘણાંય ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારના આર્થિક ઉપાર્જન પર પ્રતિકૂળ અસરો થતી જોવા મળી છે. જેને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દિવાળી એટલે કે આગામી ૪ મહિના સુધી દેશના ૮૦ કરોડ લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજયમાં પણ રવિવાર તા, ૨૭ જૂનથી રાજ્યભરના રેશનકાર્ડ ધારકો અને ગરીબ લોકો માટે નિઃશુલ્ક અનાજ વિતરણ વ્યવસ્થા હાથ ધરવામાં આવશે. આ અનાજ વિતરણ વ્યવસ્થાને વધુ સુદઢ બનાવવા ગાંધીનગર મતવિસ્તારના નાગરિકો માટે "હેલ્પલાઈન નંબર ૭૩૨૪૮ ૭૩૨૪૮" કાર્યરત કરવામાં આવ્યો છે. લાભાર્થીઓ આ નંબર પર સંપર્ક કરીને અનાજ વિતરણ સબંધિત તમામ માહિતી મેળવી શકશે તેમ ગૃહમંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતુ.



વૃક્ષારોપણ બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે વૃક્ષારોપણ અને પ્રકૃતિના જતનનું મહત્વ સમજાવતા કહ્યું કે,સમગ્ર વિશ્વમાં કાર્બન ડાયોક્સાઈડ(ર્ઝ૨), અને કાર્બન મોનોક્સાઈડ(ર્ઝ) જેવા કાર્બન ઉત્સર્જન તત્વોના કારણે પૃથ્વી પરના સરેરાશ ઉષ્ણતા તાપમાનમાં વધારો થયો છે.

પ્રકૃતિના જતનનો સંદેશ ફક્ત શબ્દોથી નહીં પરંતુ કર્તવ્ય અને પુરૂષાર્થ રૂપી પરિણામોથી પહોંચે ત્યારે તેનું આયુષ્ય દીર્ઘાયુ બનતુ હોય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર વિશ્વને તેમની અનેક પહેલથી આ સકારાત્મક સંદેશો પહોંચાડવામાં આવ્યો છે તેમ કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યુ હતું.

વૃક્ષોની વિવિધ જાતોમાં પીપળો, આંબો, લીમડો જેવા વૃક્ષોના વાવેતરથી પક્ષીઓને પણ ખોરાક મળે છે અને પક્ષીઓનું સ્વૈરવિહાર વધે છે જેનું કાંકરિયા ઉત્તમ ઉદાહરણ છે. કાંકરીયા તળાવ વિસ્તારમાં આ પ્રકારના વૃક્ષોના વાવેતર થકી પક્ષીઓનો શહેર વિહાર મહત્તમ બન્યો છે તેમ ગૃહમંત્રી અમિતભાઈ શાહે જણાવ્યુંહતુ. વર્ષ-૨૦૧૯-૨૦ માં ગાં.મ્યુ.કો. દ્વારા "હરિયાળી લોકસભા, ગાંધીનગર લોકસભા" અંતર્ગત કોર્પોરેશન વિસ્તારમાં કુલ ૧,૧૯,૬૭૬ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ હતુ. તેમજ વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૨,૫૧,૦૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ અને તેની હાલમાં માવજત કરવામાં આવી રહેલ છે.

# ગાંધીનગરમાં વાહનોના પસંદગીના નંબરો મેળવવા ઓનલાઈન રી-ઓકશન

## ઈ-ઓકશનનું પરિણામ તા. ૮ જુલાઈના રોજ જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી ખાતે વાહનોના પસંદગીના નંબરો મેળવવા ઓનલાઈન ઓકશનની પ્રક્રિયા આગામી તા.૧ જુલાઈ-૨૦૨૧થી શરૂ થશે. ગાંધીનગર એઆરટીઓ કચેરી દ્વારા ટુ-વ્હીલર વાહનો માટેની જુદી જુદી સીરીઝ તથા એલ.એમ.વી. કારની સિરિઝ માટે રી-ઓકશન કરવામાં આવશે.

ઈ-ઓકશનની પ્રક્રિયામાં ઓનલાઈન અરજી તા. ૧ થી તા. ૪ જુલાઈ સુધી કરી શકાશે. ઈ-ઓકશનની પ્રક્રિયામાં તા. ૫ થી તા. ૭ જુલાઈના રાત્રિના ૧૨ કલાક સુધી બિડિંગ કરી શકાશે. આ ઈ-ઓકશનનું પરિણામ તા. ૮ જુલાઈના બપોરના ૩ કલાક સુધીમાં જાહેર કરવામાં આવશે. આ ઈ-ઓકશનમાં ભાગ લેવા ઈચ્છુક અરજદારો વધુ માહિતી વેબસાઈટ પરથી મેળવી શકશે. અરજદારોએ હરાજીની બિડિંગ પ્રક્રિયા દરમિયાન વખતો-વખત રૂપિયા ૧,૦૦૦ના ગુણાંકમાં વધારો કરવાનો રહેશે. ટુ તથા ફોર વ્હીલર માટે સિલ્વર તથા ગોલ્ડન નંબર માટે અરજદારોએ જરૂરી બેઈઝ પ્રાઈસ ચુકવવાની રહેશે.

આ હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારોને બાકીના નાણાં પાંચ દિવસમાં ભરપાઈ કરવા માટે જાણ કરવામાં આવશે. હરાજીમાં નિષ્ફળ ગયેલા અરજદારોને નાણાંની પરત ચુકવણી કરવામાં આવશે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી દ્વારા જણાવાયું છે.

# મેક કેઈન ફૂડ્ઝે 'ટુગેધર, ટોવર્ડ્ઝ પ્લાનેટ-ફ્રેંડલી ફૂડ' થીમ આધારિત ૨જો ગ્લોબલ સસ્ટેનેબિલીટી રિપોર્ટ ૨૦૨૦ રજૂ કર્યો

વૈશ્વિક ટકાઉતા અને વ્યૂહરચના અને પ્રતિબદ્ધતાઓ અનુસાર મેકકેઈને ભારત પર કેન્દ્રિત ગ્લોબલ સસ્ટેનેબિલીટી રિપોર્ટ સૌપ્રથમ વખત રજૂ કર્યો છે, જેથી ૨૦૨૦ના વર્ષ માટે તેના ટકાઉતા સ્તંભોમાં પ્રગતિ પર નજર રાખી શકાય. તૈયાર બટાટા ઉદ્યોગમાં આગેવાન તરીકે મેકકેઈને પૃથ્વી આધારિત ફૂડનું સર્જન કરવાની સફર શરૂ કર છે ત્યારે ખેડૂતો, સમુદાયો, પર્યાવરણ અને ઉપભોક્તાઓ પ્રત્યે સ્પષ્ટ પ્રતિબદ્ધતાઓ વ્યક્ત કરવામાં આવી છે જેથી ઉપભોક્તાઓ આગામી પેઢીઓ માટે સુંદર સ્વાદવાળા ફૂડનો આનંદ માણી શકે.

મેકકેઈન ઈન્ડિયા ૨૨થી વધુ વર્ષો માટે સંકલિત ટકાઉ કારોબાર પ્રેક્ટિસ તરફે પ્રતિબદ્ધ રહી છે. કંપનીના 'સારી નીતિમત્તા સારો કારોબાર છે'ના સિદ્ધાંત અનુસાર ભારતીય પ્રકરણ સાથેનો ગ્લોબલ સસ્ટેનેબિલીટી રિપોર્ટ ચાર ફોકસ વિસ્તારો I) સુંદર અને ટકાઉ ખેતી II) સ્રોત કાર્યક્ષમ પ્રવૃત્તિઓ III) સારુ ફૂડ IV) વિકસતા સમુદાય પર મેકકેઈનની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

સસ્ટેનેબિલીટી રિપોર્ટ ૨૦૨૦ની રજૂઆત પર ટિપ્પણી કરતા મેકકેઈન ફૂડના ભારત, દક્ષિણ પૂર્વ એશિયા, દક્ષિણ કોરીયા, તાઈવાનના મેનેજિંગ ડિરેક્ટર વિકાસ મિત્તલે જણાવ્યું હતુ કે "ટકાઉતા તરફેની અમારી પ્રતિબદ્ધતા અમારા હેતુ 'સ્વાદિષ્ટ, પૃથ્વી-આધારિત ફૂડ'માં પ્રતિસ્થાપિત છે. પૃથ્વીના સ્થિતિસ્થાપક ભવિષ્ય અને સાચવણીનું નિર્ધારણ એ આપણી સામૂહિક જવાબદારી છે તેવું અમે માનીએ છીએ. ટકાઉતા અમારા કારોબારમાં કેન્દ્રસ્થાને છે અને તેણે અમને ટકાઉ અને જવાબદાર રીતે સ્વાદિષ્ટ ફૂડ પૂરું પાડવા માટે અમારા કારોબાર અપનાવવાનું માર્ગદર્શન આપ્યુ છે. અમારા ૨૦૨૦ સસ્ટેનેબિલીટી રિપોર્ટ (વૈશ્વિક અને ભારત)નો હેતુ અમારી સમગ્ર ટકાઉતા અગ્રિમતામાં હસ્તક્ષેપ અને સર્જવામાં આવેલી અસરો પર પારદર્શક રીતે ભાર મુકવાનો છે. અમારા નમ્ર છતા સતત પ્રયત્નો યુનાઈટેડ નેશન્સના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (એસડીજી) અનુસારના છે.

## ડેલ્ટા+ વેરિએન્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પથનમથિટ્ટામાંથી જમા કરાવામાં આવેલા સેમ્પલ પરથી ડેલ્ટા-પ્લસ વેરિઅન્ટના ઓછામાં ઓછા ત્રણ કેસ સામે આવ્યા છે. પથનમથિટ્ટાના જિલ્લાધિકારી ડૉ.નરસિમ્હુગરી ટી.એલ.રેડ્ડીએ કહ્યું કે જિલ્લાના કાડાપરા પંચાયતનો વધુ એક ચાર વર્ષનો બાળક વાયરસના નવા ડેલ્ટા-પ્લસ વેરિઅન્ટથી સંક્રમિત જોવા મળ્યો.

મધ્યપ્રદેશના ભોપાલથી ડેલ્ટા પ્લસ વેરિઅન્ટનો પહેલો કેસ સામે આવ્યો હતો. ૬૫ વર્ષના એક મહિલા કોરોના વાયરસના નવા વેરિઅન્ટ ડેલ્ટા પ્લસથી સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ હતી. મધ્યપ્રદેશમાં મહામારીની બીજી લહેર ઝડપથી ઘટી રહી છે અને સંક્રમણનો ફેલાવો રોકવા માટે લગાવામાં આવેલા પ્રતિબંધોમાં છૂટ આપવામાં આવી રહી છે. સૂત્રોએ કહ્યું કે કોવિડ-૧૯ રસીના બે ડોઝ આ મહિલા લઈ ચૂકયા છે.

કેટલાંક રિપોર્ટના મતે ભારતમાં સૌથી પહેલાં જોવા મળેલ કોવિડ-૧૯ના સૌથી વધુ સંક્રમક ડેલ્ટા વેરિઅન્ટ મ.૧.૬૧૭.૨ના ડેલ્ટા પ્લસ વેરિઅન્ટમાં બદલાવાની આશંકા છે. ડેલ્ટા વેરિઅન્ટની સૌથી પહેલી ઓળખ ભારતમાં થઈ હતી અને દેશમાં બીજી લહેર માટે અને બ્રિટન સહિત અન્ય જગ્યાઓ પર સંક્રમણના પ્રસારમાં તેનો અગત્યનો રોલ કહેવાય છે.

# "વહાલી દીકરી" સરકારી યોજનાનો લાભ આપવાનું જણાવી ૧૯ હજારની ઓનલાઈન છેતરપિંડી

## અરજદારે સાઇબર ક્રાઇમ હિંમતનગરમાં ઈમેલ તથા રૂબરૂમાં અરજી આપ્યા બાદ પણ પૈસા પરત નહીં મળતા જાદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૨

સ્ત્રી ભૂણ હત્યા અને મહિલા સશક્તિકરણ માટે ગુજરાત સરકાર બે દાયકાથી બેટી બચાવો, બેટી પઢાઓ અંતર્ગત ઘણા જનજાગરણ કાર્યક્રમો કરીને લોકોમાં જાગૃકતા લાવવાનું કામ કરી રહી છે. આ કામ માટે સરકારે ઘણી પબ્લિસિટી પણ કરી છે. જોકે મહિલા જન્મદર વધારવા માટે એમના લક્ષ્યાંક અનુસાર પરીણામ મળ્યુ નથી. આ કારણે સરકારે હવે વાર્ષિક રૂપિયા બે લાખ સુધીની આવક ધરાવતા ગરીબ પરીવારોમાં દિકરી જન્મદરને વધારવા માટે 'વ્હાલી દિકરીલ્લ યોજના અમલમાં મુકી છે. ત્યારે સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા નિરક્ષર અરજદારો દ્વારા વહાલી દીકરી સરકારી યોજનાનો લાભ કઈ રીતે મેળવવો તે અંગે મુંઝવણમાં હોવાથી કેટલાક લેભાગુ તત્વો દ્વારા ઓનલાઇન છેતરપિંડીના કિસ્સા દિનપ્રતિદિન વધતા જોવા મળી રહ્યા છે ત્યારે આજે વધુ એક કિસ્સો ઉજાગર થવા પામ્યો છે.

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના સાહેબપુરા ગામમાં રહેતા એક પરિવારમાં દીકરીનો જન્મ થયો હોવાની માહિતી મેળવી એક અજાણ્યા ગઠીયાએ " વહાલી દીકરી " સરકારી યોજનાનો લાભ આપવાનું જણાવી રૂ.૧૯ હજારની ઓનલાઈન છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો ઉજાગર થવા પામ્યો છે હું સરકારી હોસ્પિટલ ગાંધીનગર માં થી બોલું છું તમારા ઘરે છોકરી નો જન્મ થયો છે તમારે તમારા ડોક્યુમેન્ટ આપવા પડશે તેવું જણાવી ગઠીયાએ ખોટી ઓળખ આપી છોકરીના જન્મ ઉપર ડોક્યુમેન્ટ જમા કરાવવાનું કહી ઓટીપી મેળવી અલગ-અલગ રૂ. ૯૯૯૬/- ના બે વખત ઓનલાઈન ટ્રાન્ઝેકશન દ્વારા રૂ. ૧૯૯૯૨/- ની છેતરપિંડી આચરી હતી જેને લઈને અરજદારે સાઈબર ક્રાઈમ હિંમતનગરમાં ઈમેલ તથા રૂબરૂમાં અરજી આપ્યા બાદ પણ પૈસા પરત નહીં મળતા જાદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના સાહેબપુરા ગામમાં રહેતા જીગરજી દાનાજી ઠાકરડાના મોબાઈલ નંબર ઉપર ગત રોજ તારીખ ૩૦ ડીસેમ્બર ૨૦૨૦ ના રોજ ૯૦૯૧૩૨૯૮૬૨ મોબાઈલ નંબર ઉપરથી ફોન કરીને અજાણ્યા જણાવ્યું હતું કે હું સરકારી હોસ્પિટલ ગાંધીનગર થી બોલું છું તમારે ઘરે છોકરી નો જન્મ થયો છે તે માટે તમારે તમારા ડોક્યુમેન્ટ જમા કરાવવા પડશે જેથી અમે તમારા ખાતામાં રૂપિયા ૬૦૦૦/- નાખીશું ત્યારબાદ અરજદારે પોતાના ચૂંટણી કાર્ડ તથા આધાર કાર્ડ તથા સાબરકાંઠા બેંક ફીચોડ ખાતા ની બધી જ ડિટેલ આપી દીધી હતી ત્યારબાદ અરજદારના મોબાઈલ નંબર ઉપર બે વખત ઓટીપી નંબર આવ્યો હતો જે અજાણ્યા ગઠિયાએ ઓટીપી નંબર અરજદાર પાસેથી મેળવી બેંક ખાતામાંથી રૂપિયા ૯૯૯૬/- ના બે વખત અલગ અલગ ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂ. ૧૯,૯૯૨/- ખાતામાંથી ઉપાડી લઈ ઓનલાઈન છેતરપિંડી આચરી હતી ત્યારબાદ અરજદારે અજાણા ગઢીયાને ફોન કરતા કોઈ પ્રત્યુત્તર નહીં મળતા પોતાની સાથે છેતરપિંડી નો અહેસાસ થતાં અરજદારે સાઈબર ક્રાઇમ હિંમતનગરમાં ઈમેલ તથા રૂબરૂમાં અરજી આપ્યા બાદ પણ પૈસા પરત નહીં મળતા જાદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું છે જોકે હવે જોવાનું એ રહ્યું કે પોલીસ તંત્ર દ્વારા ઓનલાઈન છેતરપીંડીનો ભોગ બનનાર અરજદારની ક્યારે અને કેવી રીતે ન્યાય મળશે એ જોવું રહ્યું !

## ૪૦ ટકા વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યાં રોજીંદી જરુરિયાતની વસ્તુઓ વેચાતી હોય છે. બજારમાં મળતા ચોખાના ભાવમાં ૮ થી ૧૦ ટકાનો વધારો નોંધાયો છે. ઘઉના ભાવમાં વધારો થયો હોવાથી લોકલ બ્રાંડના લોટના ભાવમાં ૮ થી ૧૫ ટકાનો વધારો દેખાઈ રહ્યો છે. ખાદ્ય તેલોના ભાવમાં ૪૦ થી ૫૦ ટકાનો વધારો એક વર્ષમાં થયો છે. જે સૌથી વધારે છે.

ખાંડ, કોફી, સાબુ, બિસ્કિટના ભાવ સ્થિર છે પણ આ પ્રોડકટસ પરની પ્રમોશનલ સ્કીમોને પાછી ખેંચી લેવાઈ છે. મેગીના ભાવમાં વધારો નથી થયો પણ આ જ ભાવમાં ૭૦ની જગ્યાએ હવે ૬૦ ગ્રામ મેગી મળે છે. તેલના ભાવ વધવાથી નાસ્તાના ભાવમાં ૮ થી ૧૦ ટકાનો વધારો થયો છે. જ્યારે ડિટરજન્ટ પાવડરની કિંમતો પાંચથી સાત ટકા વધી છે. ચાના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો ઉછાળો છે. માત્ર હેન્ડ સેનેટાઈઝરના ભાવ ૨૦ થી ૩૦ ટકા ઘટ્યા છે. મોંઘાવારી પાછળનુ એક કારણ લોકડાઉન પણ મનાઈ રહ્યુ છે. લોકો ઘરમાં જ રહ્યા હોવાથઈ તેમની જરુરિયાતો વધી ગઈ હતી અને ગ્રોસરી પાછળ થતો ખર્ચ પણ વધ્યો છે. બીજી તરફ લોકોની આવક ઘટવાથી સસ્તા સામનની માગ પણ વધી છે. બીજી તરફ પાછળથી દુકાનદારો પાસે જે સપ્લાય આવ્યો છે તે મોંઘો થઈ રહ્યો છે. મોંઘવારીના કારણે ઘરાકીમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો પણ દેખાઈ રહ્યો છે.

## અસરકારક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો હતો કે કોવિશીલ્ડ વેક્સિન ભારત બાયોટેકની કોવૈક્વીનના મુકાબલે કોરોના સામે જંગમાં વધુ એન્ટીબોડી પેદા કરે છે. સ્ટડીમાં તે જોવામાં આવ્યું કે કોવેક્સીનના બે ડોઝ લીધા બાદ કોવિશીલ્ડ લેનારા ૯૮ ટકા મામલામાં જેટલી એન્ટીબોડી જોવા મળી એટલી કોવેક્સીન લગાવનારા ૮૦ ટકામાં જોવા મળી હતી.

પરંતુ ભારત બાયોટેકે તેને વધુ મહત્વ ન આપતા કહ્યું હતું કે શરૂઆતી રિસર્ચમાં ખામીઓ હતી અને તેને એડહોકના આધાર પર કરવામાં આવ્યું હતું. દવા કંપનીએ તે પણ કહ્યું હતું કે સ્ટડીની સહકર્મી-સમીક્ષા કરવામાં આવી નહતી અને તેને વૈજ્ઞાનિક રૂપથી ડિઝાઈન કરવામાં આવી નહતી.

## ટ્રેન્ડ જોખમી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશમાં ત્રીજી લહેરની કોઈ શક્યતા નથી. હાલ જે વેરિયંટ જોવા મળી રહ્યો છે તે હવે નવી લહેર સર્જવા સક્ષમ નથી તેવું પણ તેમણે કહ્યું હતું. ડૉ. જહોનનું કહેવું છે કે ડેલ્ટા અને ડેલ્ટા પ્લસ આમ તો લગભગ સરખા જ છે. જુલાઈ સુધીમાં કોરોનાના કેસ સાવ ઘટી જશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. જો રસીકરણમાં મોટાભાગના લોકોને આવરી લેવાય તો આ વર્ષના અંત સુધીમાં દેશમાંથી કોરોના ખતમ થઈ જાય તો પણ નવાઈ નહીં.

ડૉ. જેકબે એમ પણ જણાવ્યું હતું કે સિરોસર્વે સહિતના વિવિધ અભ્યાસ જણાવે છે કે મોટાભાગના લોકોને કોરોનાનો ચેપ લાગી ચૂક્યો છે. નેચરલ ઈમ્યૂનિટી ધરાવતા મોટી સંખ્યામાં દર્દીઓને ખબર જ નથી પડી કે તેમને કોરોના થઈ ગયો હતો. હવે વેક્સિનેશન પ્રોગ્રામની ઝડપ પણ વધી છે ત્યારે આગામી દિવસોમાં કોરોનાના ફેલાવાની ઝડપ ઓર મંદ પડશે. બીજી તરફ, કર્ણાટકની સ્થિતિ અંગે વાત કરતા રાજ્યની કોવિડ-૧૯ ટેકનિકલ એડવાઈઝરી કમિટિના ચેરમેન ડૉ. એમકે સુદર્શને જણાવ્યું હતું કે ઓક્ટોબર પહેલા રાજ્યમાં ત્રીજો વેવ શરુ થાય તેવી કોઈ શક્યતા નથી. ઉલ્લેખનીય છે કે, એક સમયે કર્ણાટક સૌથી વધુ એક્ટિવ કેસ ધરાવનારું રાજ્ય બની ગયું હતું અને ત્યાંના ડેઈલી કેસનો આંકડો આખા દેશમાં સૌથી વધારે હતો. કર્ણાટકના સરકારી અધિકારીઓ પણ એવી વાત કરી રહ્યા છે કે તેઓ મહારાષ્ટ્રના તેમના સમકક્ષો સાથે સંપર્કમાં છે અને તેમનું પણ માનવું છે કે ઓક્ટોબર પહેલા ત્રીજી લહેરની કોઈ શક્યતા નથી.